વિદ્યાસહાયક ભરતી/સમયમર્યાદા

ક્રમાંકઃપ્રાશિનિ/નીતિ/2018/વિસભ/1575-1611
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
બ્લોક નં.12/1 , ડૉ.જીવરાજ મહેતા ભવન
ગુ. રા. ગાંધીનગર.
તા.26/09/2018.

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ,
કચ્છ.

વિષયઃ વિદ્યાસહાયક ભરતી (ધોરણ 6 થી 8 ગુજરાતી માધ્યમ) વર્ષ **2018-19** માટે માંગણી પત્રક મોકલી આપવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના નિયત કેલેન્ડર મુજબ ઉચ્ચ પ્રાથમિક વિભાગ (ધોરણ - 6 થી 8 ગુજરાતી માધ્યમ) માટે ફાળવેલ જગ્યાઓ ભરવાની મંજૂરી આપવામાં આવેલ છે. શિક્ષક મહેકમના આધારે રજૂ કરેલ ધો. 6 થી 8 ની જિલ્લા કક્ષાએથી મળેલ ખાલી જગ્યાના પ્રમાણમાં વરાડે પડતી નીચે દર્શાવ્યા મુજબ વિષયવાર ભરવાપાત્ર જગ્યાઓ ફાળવવામાં આવે છે.

| જિલ્લા શિક્ષણ સમિતિનું નામ | ભરતીનો પ્રકાર | વિષય | | | |
|---|---|---|---|---|---|
| | | ગણિત-વિજ્ઞાન | ભાષાઓ | સામાજિક વિજ્ઞાન | કુલ |
| કચ્છ | વિદ્યાસહાયક ભરતી ધોરણ 6 થી 8 ગુજરાતી માધ્યમ | 111 | 19 | 51 | 181 |

ઉપરોક્ત ફાળવેલ જગ્યાઓ માટે જિલ્લાની નક્કી થયેલ અનામતની ટકાવારી મુજબ પ્રમાણિત કરેલ રોસ્ટર રજીસ્ટરના તારીજ પત્રક(પરિશિષ્ટ-3) મુજબ ભરતીથી કુલ ભરવાપાત્ર જગ્યાઓ માટે આ સાથેના નિયત નમૂનામાં માંગણીપત્રક તૈયાર કરીને તા.01/10/2018 ના રોજ જાણકાર કર્મચારી સાથે પીટીસી પ્રવેશ કાર્યાલય, સેક્ટર-19, ગાંધીનગર ખાતે રૂબરૂ મોકલી આપશો. *તારીજ પત્રક પરિશિષ્ટ-3 તાજેતરમાં પ્રમાણિત કરેલા રોસ્ટર રજિસ્ટર મુજબ અધિકૃત અધિકારીએ સહી કરેલ લાવવાના રહેશે. સાથે રોસ્ટર રજીસ્ટર પણ અવશ્ય લાવવાનું રહેશે.*

*તા.ક.: તાજેતરમાં જુલાઇ/ઓગષ્ટ 2018માં અત્રેથી ફાળવેલ ઉમેદવારો પૈકી હાજર થયેલ ઉમેદવારોની રોસ્ટર રજીસ્ટરમાં અસર આપીને તૈયાર કરવાનું રહેશે.*

*નોંધ: આ સાથે ઉચ્ચ પ્રાથમિકમાં જવાના વિકલ્પ આપનાર શિક્ષકોની માહિતી સામેલ પત્રક – 2 મુજબ માંગણાપત્રક સાથે આપવાની રહેશે.*

આ બાબતને ટોચ અગ્રતા આપશો.

નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર